# મહાનગરનો મહાસંગ્રામ



ગાંધીનગર સમાચાર



સંગ્રામનું બ્યુગલ વાગ્યું : મહાનગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારી પત્રનાં અંતિમ દિવસે ઉમેદવારો ઉત્સાહપૂર્વક સમર્થકો સાથે ઉમેદવારીપત્ર ભરવા ક્લેક્ટર ઓફિસ પહોંચ્યા હતા. કોંગ્રેસ - ભાજપ અને લોક વિકાસ મંચ મુખ્ય ઉમેદવારો ઉપરાંત અપક્ષ ઉમેદવારો પણ નોંધપાત્ર સંખ્યામાં ઉમેદવારીપત્ર નોંધાવવા પહોંચ્યા હતા. સૌને વિજયનો વિશ્વાસ છે. ઉત્સાહના વાતાવરણમાં ઉમેદવારો પોત-પોતાના વોર્ડમાં સૌનું પ્રતિનિધિત્વ જળવાય એવા જનસમુહ સાથે નિકળ્યા હતા. કેટલાક દેવ-દર્શન બાદ ઉમેદવારીપત્ર વિજય મુહૂર્તમાં ભર્યું હતું. અંતિમ દિવસે ઉમેદવારોથી છલકાયેલું સેવા સદનમાં રાજકીય માહોલ સર્જાઈ ગયો હતો. બધા જ પક્ષોના બધા મહારથીઓ એકત્ર થતાં વાતાવરણમાં જોમ પ્રસર્યું હતું. કેટલાક પૂર્વ કોર્પોરેટરો અને કેટલાક આશાવાદી ઉમેદવારોનો ઉત્સાહ અને વિશ્વાસ છલકાતો હતો. મહિલા ઉમેદવાર પણ સમર્થકો સાથે ખૂશનૂમા વાતાવરણમાં ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા હતા. હવે તો ચૂંટણી એ જ લક્ષ છે. વિજય એ જ લક્ષ્ય છે અને સૌ વિજય માટે આગામી ૧૪ દિવસ પોતપોતાના પક્ષનો અને પોતાની પેનલો આક્રમક પ્રચાર કરશે. મહાસંગ્રામના સેનાનીઓની આ તસવીર નગરની આવતીકાલના ઉત્સાહના દર્શન કરાવે છે. ગાંધીનગરના નાગરિકો ઈચ્છે છે કે ઉમેદવારીપત્રો ભરવામાં જેટલો ઉત્સાહ છે, વિજય માટે જેટલો વિશ્વાસ છે એટલો જ ઉત્સાહ નગરના પડતર પ્રશ્નો ઉકેલવામાં બતાવશો અને એટલો જ વિશ્વાસ નગરના વિકાસમાં અભિવ્યક્ત કરશો.

(તસવીર : કશ્યપ નિમાવત)